**<u>મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કરાર આધારિત જગ્યાઓ માટે ભરતી અંગેની જાહેરાત</u>**

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજય કક્ષા/જિલ્લા કક્ષા/ તાલુકા કક્ષા/કલસ્ટર કક્ષાની નીચેની વિગતે જણાવેલ જગ્યાઓ કરાર આધારિત ભરવા માટે સબંધિત જગ્યાઓ માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે.**

| અ.નં | જગ્યાનુ નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | નિયામક સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ અને સુપ્રિટેન્ડીગ એન્જીનીયર | ૧ |
| ૨ | નાયબ વન સરંક્ષક | ૧ |
| ૩ | ચાર્ટડ એકાઉન્ટન્ટ | ૧ |
| ૪ | સ્ટેટ પોગ્રામ ઓફીસર | ૧ |
| ૫ | સ્ટેટ નોડલ ઓફીસર આઈ.ટી. સેલ | ૧ |
| ૬ | મદદનીશ ઈજેનર | ૧ |
| ૭ | મદદનીશ ઈજનેર,સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ | ૧ |
| ૮ | મેનેજર એચ.આર. | ૧ |
| ૯ | મેનેજરઓપરેશનલ એમઆઈએસઅને ઈએફએમએસ | ૧ |
| ૧૦ | મેનેજર ઓપરેશનલ જીઆઈએસ | ૧ |
| ૧૧ | કેપેસીટી બિલ્ડીગ કો. ઓર્ડીનેટર | ૧ |
| ૧૨ | ટેકનીકલ એક્ષપર્ટ | ૧ |
| ૧૩ | સીસ્ટમ એનાલીસ્ટ | ૧ |
| ૧૪ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૨ |
| ૧૫ | એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ | ૧ |
| ૧૬ | નાયબ ચીટનીશ | ૧ |
| ૧૭ | એમઆઈએસ કો.ઓર્ડીનેટર,ઈએફએમએસ | ૧ |
| ૧૮ | એમઆઈએસ કો.ઓર્ડીનેટર, નરેગા સોફ્ટ | ૧ |
| ૧૯ | એમઆઈએસ કો.ઓર્ડીનેટર જીઆઈએસ | ૧ |
| ૨૦ | એમઆઈએસ કો. ઓર્ડીનેટર,મોનીટરીગ | ૧ |
| ૨૧ | ડેટાએન્ટ્રી ઓપરેટર | ૩ |
| ૨૨ | એક્ઝીક્યુટીવ આસીસ્ટન્ટ | ૧ |
| ૨૩ | નાયબ જિલ્લા પોગ્રામ કો. ઓર્ડીનેટર | ૩૩ |
| ૨૪ | નાયબ કાર્યપાલક ઈજેનર સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ | ૩૩ |
| ૨૫ | વર્કસ મેનેજર (નાયબ કાર્યપાલક ઈજનેર) | ૩૩ |
| ૨૬ | એકાઉન્ટ મેનેજર | ૩૩ |
| ૨૭ | મદદનીશ ઈજનેર, ંસ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ | ૮૧ |
| ૨૮ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૩૩ |
| ૨૯ | એમઆઈએસ કો. ઓર્ડીનેટર | ૩૩ |
| ૩૦ | એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ | ૩૩ |
| ૩૧ | મદદનીશ પ્રોગ્રામ ઓફિસર | ૨૪૭ |
| ૩૨ | આસીસ્ટન્ટ વર્કસ મેનેજર | ૨૪૭ |
| ૩૩ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧૪૮૨ |
| ૩૪ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | ૨૪૭ |
| ૩૫ | એમ.આઈ.એસ કો.ઓર્ડીનેટર | ૪૯૪ |
| ૩૬ | કલસ્ટર કો. ઓર્ડીનેટર (ગ્રામ રોજગાર સેવક) | ૨૭૪૩ |

(૧) આ અંગેની વિગતવાર જાહેરાત http://ojas.guj.nic.in, તથા ruraldev.gujarat.gov.in ઉપર જોઈ શકાશે.

(૨) ઉપર દર્શાવેલ ભરવાપાત્ર જગ્યાઓની વિગત, શૈક્ષણિક લાયકાત અને જરુરી અનુભવ તથા ફી માટેની અગત્યની માહીતી તેમજ સુચનાઓ http://ojas.guj.nic.in અને http://ojas 1guj.nic.in પર ઉપલબ્ધ છે. ઉમેદવારી કરવા ઈચ્છતા ઉમેદવારોએ આ વેબસાઈટ ઉપર તા. ૧–૯–૨૦૧૪થી તા. ૨૧–૯–૨૦૧૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૩) મનરેગા યોજના હેઠળ હાલમાં કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીઓ ઉપરોકત જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા હોય અને ઉમેદવારી નોધાવવા ઈચ્છતા હોયતો તેઓએ પણ આ જાહેરાત અન્વયે નિયત ફી ભરી ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૪) ઉપરોકત જગ્યાઓ માટેની લેખીત પરીક્ષા એક જ તારીખે અને એકજ સમયે લેવામાં આવશે.

તા. ૨૮–૮–૨૦૧૪

**કમિશ્નર–વ–સચિવ**
**ગ્રામવિકાસ–ગુજરાતરાજય,ગાંધીનગર**

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કરાર આધારિત જગ્યાઓ માટે ભરતી અંગેની વિગતવાર જાહેરાત**

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજ્ય કક્ષાની**

**નીચેની વિગતે જણાવેલ જગ્યાઓ કરાર આધારિત ભરવા માટે સબંધિત જગ્યાઓ માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા**

**ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે.**

| **રાજ્ય કક્ષાની જગ્યાઓ** | | | | |
|---|---|---|---|---|
| **જાહેરાત નો અ.નં** | **જગ્યાનુ નામ** | **જગ્યાની શૈક્ષણિક લાયકાત અને અનુભવ** | જગ્યાની સંખ્યા | ફીકસ વેતન પ્રતિમાસ રુપિયા. |
| ૧ | નિયામક<br>સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ અને સુપ્રિટેન્ડીગ એન્જીનીયર | બી.ઈ.(સિવિલ) / એમ.ઈ.(સિવિલ)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ. | **૧** | ૬૦,૦૦૦/– |
| ૨ | નાયબ વન સરંક્ષક | આઈઆઈએફએમ પોસ્ટ ગ્રેજ્યુએટ<br>એમએસસી(ફોરેસ્ટ્રી)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૪ વર્ષનો અનુભવ. | **૧** | ૪૫,૦૦૦ |
| ૩ | ચાર્ટડ એકાઉન્ટન્ટ | ચાર્ટડ એકાઉન્ટન્ટ અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ. | **૧** | ૫૦,૦૦૦ |
| ૪ | સ્ટેટ પોગ્રામ ઓફીસર | એમબીએ/એમએસડબલ્યુ/રુરલ મેનેજમેન્ટની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે<br>ઈરમા/આઈઆઈએફએમમાંથી પીજીપીઆરએમ<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૩ વર્ષનો અનુભવ<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | **૧** | ૫૦,૦૦૦ |
| ૫ | સ્ટેટ નોડલ ઓફીસર<br>આઈ.ટી. | એમએસસી (આઈટી/આઈસીટી/ આઈસીટીએઆરડી)<br>અથવા બી.ઈ.(આઈ.ટી.) વીથ<br>એમબીએ અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | **૧** | ૩૫,૦૦૦ |
| ૬ | મદદનીશ ઈજેનર | બી.ઈ.સિવિલ વીથ એમબીએ અથવા<br>એમઈ સિવિલ સાથે<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૪ વર્ષનો અનુભવ | **૧** | ૩૫,૦૦૦ |
| ૭ | મદદનીશ ઈજેનર<br>સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ | બી.ઈ.સિવિલ સાથે<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૫ વર્ષનો અનુભવ | **૧** | ૩૫,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | મેનેજર એચ.આર. | એમબીએ (એચઆર)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | ૧ | ૨૫,૦૦૦ |
| ૯ | મેનેજરઓપરેશનલ એમઆઈએસ અને ઈએફએમએસ | બી.કોમ. સાથે એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | ૧ | ૨૫,૦૦૦ |
| ૧૦ | મેનેજર ઓપરેશનલ જીઆઈએસ | બી.ઈ. (આઈટી) / એમસીએ<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ<br>અથવા બીસીએ સાથે ૪ વર્ષનો અનુભવ | ૧ | ૨૫,૦૦૦ |
| ૧૧ | કેપેસીટી બિલ્ડીંગ કો. ઓર્ડીનેટર | એમએસડબલ્યુ/એમઆરએમ/ એમઆરએસ/એમબીએ/પીજીપીઆરએમ અને ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | ૧ | ૨૫,૦૦૦ |
| ૧૨ | ટેકનીકલ એક્ષપર્ટ | બી.ઈ.સિવિલ /એમઈ સિવિલ<br>(એમઈ સિવિલ ને પ્રથમ અગ્રતા)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | ૧ | ૨૫,૦૦૦ |
| ૧૩ | સીસ્ટમ એનાલીસ્ટ | એમસીએ/બીઈ (કોમ્પ્યુટર)<br>બીઈ (આઈટી)એમએસસી<br>(આઈટી/આઈસીટી)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ વેબ ડેવલપરને અગ્રતા | ૧ | ૨૦,૦૦૦ |
| ૧૪ | ટેકનીકલ આસીસ્ટન્ટ | બી.ઈ.સિવિલ<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | ૨ | ૨૦,૦૦૦ |
| ૧૫ | એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ | એમ.કોમ.<br>ટેલીના જાણકાર અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૪ વર્ષનો અનુભવ | ૧ | ૨૦,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬ | નાયબ ચીટનીશ | બી.એ./બી.કોમ./બીએસસી/બીબીએ/બીબીએમ<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ<br>સેકટરમાં ઓછામાં ઓછો<br>૧ વર્ષનો અનુભવ<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય<br>અથવા<br>એમએ/એમ.કોમ./એમએસસી<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | **૧** | ૧૫,૦૦૦ |

**સામાન્ય સુચનાઓ અને માહીતીઃ–**

**(૧)** ઉપર દર્શાવેલ જગ્યાઓ માટે ઉપરોકત વિગતે નિયત થયેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા અને ઉમેદવારી નોધાવવા ઈચ્છતા ઉમેદવારોએ http://ojas.guj.nic.in અને http://ojas1guj.nic.in આ વેબસાઈટ ઉપર તા.૧–૯–૨૦૧૪ થી તા. ૨૧–૯–૨૦૧૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજયના કોઈ પણ સ્થળે સાયબર કાફે/ઈન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રિન્ટર સાથેની હોય અથવા કોઈ પણ સરકારી પોસ્ટ ઓફીસમાં જયાં આ પ્રકારની સગવડ હોય ત્યાંથી અરજી થઈ શકશે. કોઈ પણ સંજોગોમાં કોઈ પણ કચેરી ખાતે ટપાલ કે રુબરુમાં અરજીઓસ્વીકારવામાં આવશે નહી. તેમ છતાં આવી રીતે મોકલી આપવામાં આવેલ અરજીઓ રદબાતલ ગણાશે.

**(૨)** મનરેગા યોજનામાં હાલમાં ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીઓ ઉપરોકત જગ્યાઓ માટે નિયત શૈક્ષણિક લાયકાત તથા અનુભવ ધરાવતા હોય અને ઉમેદવારી નોધાવવા ઈચ્છતા હોય તો તેઓએ ભરતી પ્રકિયા અંતર્ગત જાહેર નિવિદા પ્રસિઘ્ધ થયે ઓજસ વેબસાઈટ પર અરજી કરી ભરતી પ્રકિયા માંથી પસાર થવાનુ રહેશે.

**(૩)** ઉમેદવારે સ્વયં અથવા ઈન્ટરનેટ જાણકારની મદદથી પોતાના પાસપોર્ટ સાઈઝનો ફોટો ૧૫ કે.બી. અને સીગ્નેચર ૧૫ કે. બી. સાઈઝ થી વધે નહી તે રીતે જેપીજી ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

**(૪)** ઓનલાઈન અરજી કરીને અરજીની પ્રિન્ટ તથા ભરવાપાત્ર ફીના ચલણની નકલ કાઢી લેવાની ખાસ કાળજી લેવાની રહેશે. અરજી નંબર, કર્ન્ફમેશન નંબર વિગેરે ઉમેદવારે નોઘી રાખવાના રહેશે તથા તે સિવાય વેબસાઈટ પર જે સુચના હોય તેનો ઉમેદવારે ચુસ્તપણે અમલ કરવાનોરહેશે. તેમાં ચુક થશે તો તે માટે અરજદાર પોતે જવાબદાર રહેશે.

**(૫)** ઉપરોકત જગ્યાઓ માટે રુા. ૧૦,૦૦૦/– કરતાં વધુ પ્રતિ માસ વેતનવાળી જગ્યાઓના કીસ્સામાં અરજી ફી રુા. ૩૦૦/ + રુા.૧૦/ પોસ્ટ ચાર્જીસ + રુા. ૨/ સર્વિસ ટેક્ષ તથા રુા.૧૦,૦૦૦/– અથવા તે કરતાં ઓછા પ્રતિમાસ વેતનવાળી જગ્યાઓના કીસ્સાઓમાં અરજી ફી ૨૦૦/ + રુા.૧૦/ પોસ્ટ ચાર્જીસ +રુા. ૨/ સર્વિસ ટેક્ષ ભરવા માટે ઉમેદવાર જયારે વેબસાઈટ ઉપર પોતાની અરજી સબમીટ કરશે ત્યારે અરજી ફી ભરવા માટે ઓનલાઈન ઉપલબ્ધ ચલનની ત્રણ નકલો એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારે આ પાનાની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અરજી કરનાર ઉમેદવારોએ ચલણની પુરી વિગતો ભરીને રાજયની કોઈ પણ પોસ્ટ ઓફીસમાં જઈને નિયત કરવામાં આવેલ ફી તથા તેના ઉપરના ચાર્જીસ અને સર્વિસ ટેકસની રકમ ભરવાની રહેશે. ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા પછી ૨૪

(ચોવીસ)કલાકમાં તેમના મોબાઈલ ફોન ઉપર ફી જમા થયાનો મેસેજ ન મળે તો સબંધિત પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને ફી જમા કરાવ્યા બદલના સહી સિકકા સાથે પરત કરશે, જે પૈકીની એક નકલ ઉમેદવારે લેખિત પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચુક લાવવાની રહેશે. તે સિવાય ઉમેદવારને લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી. અન્ય કોઈ પણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી પોસ્ટ ઓફીસમાં ફી સ્વીકારવાની છેલ્લી તારીખ. ૨૪–૯–૨૦૧૪ બપોરના ત્રણ કલાક સુધીની રહેશે.

(૬) ઓનલાઈન અરજી કર્યા બાદ લેખિત પરીક્ષા તથા મોખિક ઈન્ટરવ્યુ માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓનલાઈન વેબસાઈટ ઉપરથી કોલ લેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કઢાવી લેવાના રહેશે. જે લેખિત પરીક્ષા અને મૌખિક ઈન્ટરવ્યુ દરમ્યાન સાથે લાવવાના રહેશે.જેમાં ચુક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

(૭) ઉપરોક્ત જગ્યાઓ માટેની લેખીત પરીક્ષા એક જ તારીખે અને એકજ સમયે લેવામાં આવશે.

(૮) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો કોઈ પણ તબકકે ખોટી માલુમ પડશે તો અરજી પત્રક અને નિમણૂંક રદ ગણાશે અને ઉમેદવાર સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

(૯) મનરેગા યોજના માંગ આધારિત હોવાથી મંજુર થયેલ મહેકમનો ફીકસ વેતનનો ખર્ચ મળવાપાત્ર વહીવટી ખર્ચની મર્યાદામાં કરવાનો રહેતો હોઈ તે બાબત ઘ્યાને લઈ ઉપરોકત જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરવી તે અંગેના અધિકારો કમિશ્નર ગ્રામવિકાસની કચેરી, ગાંધીનગરને રહેશે અને ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૧૦) મનરેગા યોજના અંતર્ગત મંજુર કરવામાં આવેલ ઉપરોકત તમામ મહેકમનો ખર્ચ મનરેગા યોજના પાછળ થતા ખર્ચના વહીવટી ખર્ચની મર્યાદામાં જ કરવાનો થતો હોઈ તથા યોજના રોજગારીની માંગ આધારિત હોઈ યોજનાકીય ખર્ચમાં વધારા કે ઘટાડાને અવકાશ હોઈ મળવાપાત્ર કન્ટીજન્સી ખર્ચની રકમમાં ઘટાડો થવાના સંજોગોમાં જગ્યાઓની સંખ્યામાં કમી કરવાના સંજોગોમાં નિમણૂંક આપેલ કરાર આધારિત/ કર્મચારીને તેઓની ફરજ ઉપરથી કોઈ પણ જાતની નોટીસ કે કારણ આપ્યા વગર છુટા કરવામાં આવશે અને તે અંગે તેઓનો કોઈ હકક દાવો રહેશે નહી.

(૧૧) શૈક્ષણિક લાયકાતના કીસ્સામાં ઉમેદવાર ભારતની સંસદ કે રાજય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈ પણ યુનિવર્સિટી કે સંસદના એકટ ઘ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુજીસી એકટ–૧૯૫૬ના સેકશન–૩ હેઠળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ બીજી શૈક્ષણિક સંસ્થાની પદવી ધરાવતા હોવા જોઈએ.

(૧૨) પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક આપતા પહેલા શૈક્ષણિક લાયકાત, અનુભવની વિગતો વિગેરે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે. ચકાસણી દરમ્યાન વિગતો ખોટી માલુમ પડશે તો પસંદગી રદ કરવાપાત્ર થશે.

(૧૩) ભારત સરકારશ્રી ધ્વારા મનરેગા યોજનામાં ફેરફાર થવાના સંજોગોમાં કે ઉપરોકત જગ્યાઓ પૈકી કોઈ પણ જગ્યાઓની જરુરીયાત નહી હોવાના સંજોગોમાં આવી જગ્યાઓ નાબુદ કરવાનો સરકારને અબાધિત અધિકાર રહેશે અને તદ્નુસાર સરકારશ્રી જરુરી પગલાં લઈ શકશે.

(૧૪) ઉપરોકત જગ્યાઓ સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ નરગ/૧૦૨૦૧૩/એસએફએસ/૩૮–ખ.ર. તા. ૨૩–૧૨–૨૦૧૩ અન્વયે મંજુર કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ તમામ શરતો પસંદગી થયેલ નિમણૂંક આપવામાં આવેલ તેવા તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે. ઠરાવની નકલ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ઉમેદવારે જોઈ લેવાની રહેશે.

(૧૫) જાહેરાત કોઈ પણ કારણોસર રદ/ ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો કમિશ્નરશ્રી ગ્રામવિકાસને સંપૂર્ણ હકક અને અધિકાર રહેશે. કમિશ્નર ગ્રામવિકાસ, આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

(૧૬) ઉપરોકત જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયાની કાર્યપધ્ધતિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | લેખિત પરીક્ષા | ૬૦ ગુણ |
| (બ) | અનુભવના ગુણ | ૧૦ ગુણ |
| (ક) | નિયત થયેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત કરતા વધારાની શૈક્ષણિક લાયકાત માટે (એક અથવા તે કરતા વધુ તમામ લાયકાતો માટે ) | ૫ ગુણ |
| (ડ) | રુબરુ ઈન્ટરવ્યુ | ૨૫ ગુણ |
| | કુલ. | ૧૦૦ ગુણ |
| લેખિત પરીક્ષા માટે ૬૦ ગુણનુ ૧ કલાકના સમયનુ સબંધિત કેડરના અભ્યાસક્રમને લગતા તથા અન્ય બાબતો /કોમ્પ્યુટરનુ જ્ઞાન અને ગુજરાતી ભાષાની જાણકારીનુ મુલ્યાકન થઈ શકે તે પ્રકારના પ્રશ્નોનુ હેતુલક્ષી પ્રકારનુ પ્રશ્નપત્ર રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે અને ઓએમઆર શીટથી જવાબો ચકાસવામાં આવશે. | | |
| <u>અનુભવના કુલ ૧૦ ગુણ મુકવા માટેની પધ્ધતિઃ</u><br>(૧) સરકારી કચેરીમાં/સરકારી જાહેર સાહસોના અનુભવના કીસ્સામાં પ્રતિવર્ષના અનુભવદીઠ ર ( બે) ગુણ વધુમાં વધુ ૧૦ ગુણ | | |

વધુ પૃચ્છા માટે ફોન નં. ૦૭૯–૨૩૨૫૩૪૫૮ ઉપર કચેરી સમય દરમ્યાન પૂછપરછ કરી શકાશે.

## મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ કરાર આધારિત જગ્યાઓ માટે ભરતી અંગેની જાહેરાત

**મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજય કક્ષા/જિલ્લા કક્ષા/ તાલુકા કક્ષા/કલસ્ટર કક્ષાની નીચેની વિગતે જણાવેલ જગ્યાઓ કરાર આધારિત ભરવા માટે સબંધિત જગ્યાઓ માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ માંગવામાં આવે છે.**

| રાજય કક્ષાની જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|
| જાહેરાત નો અ.નં. | જગ્યાનુ નામ | જગ્યાની શૈક્ષણિક લાયકાત અને અનુભવ | જગ્યાની સંખ્યા | ફીકસ વેતન પ્રતિમાસ રુપિયા. |
| ૧૭ | એમઆઈએસકો.ઓર્ડીનેટર ઈએફએમએસ | બીકોમ સાથે એમસીએ/ (એમએસસી આઈટી/આઈસીટી) અથવા બી.કોમ.સાથે પીજીડીસીએ ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | ૧ | ૧૨,૫૦૦ |
| ૧૮ | એમઆઈએસ કો. ઓર્ડીનેટર નરેગા સોફટ | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી) અથવા બીસીએ/ પીજીડીસીએ ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | ૧ | ૧૨,૫૦૦ |
| ૧૯ | એમઆઈએસ કો. ઓર્ડીનેટર જીઆઈએસ | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી) અથવા બીસીએ/ પીજીડીસીએ ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | ૧ | ૧૨,૫૦૦ |
| ૨૦ | એમઆઈએસ કો ઓર્ડીનેટર મોનીટરીગ | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી) અથવા બીસીએ/ પીજીડીસીએ ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | ૧ | ૧૨,૫૦૦ |
| ૨૧ | ડેટાએન્ટ્રી ઓપરેટર | ગ્રેજયુએટ સાથે આઈટીઆઈ (ડેટાએન્ટ્રી ઓપરેટર) ગુજરાતી /અંગ્રેજી ટાઈપની જાણકારી અનિવાર્ય | ૩ | ૭,૫૦૦ |
| ૨૨ | એકઝીકયુટીવઆસીસ્ટન્ટ | ગ્રેજયુએટ સાથે ગુજરાતી /અંગ્રેજી ટાઈપની જાણકારી અનિવાર્ય | ૧ | ૮,૦૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| જિલ્લા કક્ષાની જગ્યાઓ | | | | |
| ૨૩ | નાયબ જિલ્લા પોગ્રામ કો ઓર્ડીનેટર | એમબીએ/એમઆરએસ/એમએસડબલ્યુ<br>એમએસસી એગ્રી/એમટેક એગ્રી<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૪ વર્ષનો અનુભવ | **૩૩** | ૩૦,૦૦૦ |
| ૨૪ | નાયબ કાર્યપાલક ઈજેનર (સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ) | બી.ઈ.(સિવિલ) અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૫ વર્ષનો અનુભવ | **૩૩** | ૩૦,૦૦૦ |
| ૨૫ | વર્કસ મેનેજર (નાયબ કાર્યપાલક ઈજનેર) | બી.ઈ.(સિવિલ) અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૪ વર્ષનો અનુભવ | **૩૩** | ૨૫,૦૦૦ |
| ૨૬ | એકાઉન્ટ મેનેજર | એમ.કોમ અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ અને ટેલીની જાણકારી | **૩૩** | ૧૫,૦૦૦ |
| ૨૭ | મદદનીશઈજનેર, (સ્ટેટ કવોલીટીમોનીટર યુનિટ) | બી.ઈ.(સિવિલ) અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૪ વર્ષનો અનુભવ | **૮૧** | ૨૫,૦૦૦ |
| ૨૮ | ટેકનીકલ આસીસ્ટન્ટ | બી.ઈ.સિવિલ<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | ૩૩ | **૨૦,૦૦૦** |
| ૨૯ | એમઆઈએસ કો.ઓર્ડીનેટર | એમસીએ/એમએસસી(આઈટી/આઈસીટી)<br>બીસીએ<br>અથવા<br>પીજીડીસીએ અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | ૩૩ | **૧૨,૫૦૦** |
| ૩૦ | એકાઉન્ટન્ટ આસીસ્ટન્ટ | બી.કોમ.<br>ટેલીના જાણકાર અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | ૩૩ | **૧૦,૦૦૦/-** |
| તાલુકા કક્ષાની જગ્યાઓ | | | | |
| ૩૧ | મદદનીશ પ્રોગ્રામ ઓફિસર | કોઈપણ વિષયમાં અનુસ્નાતક અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | **૨૪૭** | **૧૫,૦૦૦** |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ | આસીસ્ટન્ટ વર્કસ મેનેજર | બી.ઈ.સિવિલ<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૧ વર્ષનો અનુભવ | **૨૪૭** | **૧૬,૫૦૦** |
| ૩૩ | ટેકનીકલ આસીસ્ટન્ટ<br>(દસ ગ્રામ પંચાયત દીઠ એક પ્રમાણે ) | ડીપ્લોમા સિવિલ<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૨ વર્ષનો અનુભવ | **૧૪૮૨** | **૧૩,૦૦૦** |
| ૩૪ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | બી.કોમ.(૫૦% કે તેથી ઉપર)<br>અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૧ વર્ષનો અનુભવ | **૨૪૭** | **૧૦,૦૦૦** |
| ૩૫ | એમ.આઈ.એસ કો–ઓર્ડિનેટર | એમસીએ/એમએસસી(આઈટી/આઈસીટી)<br>બીસીએ<br>અથવા<br>પીજીડીસીએ અને<br>ગવર્ન્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરીટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો<br>૧ વર્ષનો અનુભવ | **૪૯૪** | **૧૦,૦૦૦** |
| ગ્રામ કક્ષાની જગ્યાઓ | | | | |
| ૩૬ | કલસ્ટર કો–ઓર્ડિનેટર<br>(ગ્રામ રોજગાર સેવક)<br>પાચ ગ્રામ પંચાયતોના એક કલસ્ટર દીઠ એક | સ્નાતક<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | **૨૭૪૩** | રૂા.૭,૦૦૦<br>**પગાર અને**<br>રૂા.૧૦૦૦/–<br>**(મુસાફરી ભથ્થુ)**<br>**પ્રતિ માસ ફીકસ** |

**સામાન્ય સુચનાઓ અને માહીતીઃ–**

**(૧)** ઉપર દર્શાવેલ જગ્યાઓ માટે ઉપરોકત વિગતે નિયત થયેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારી નોધાવવા ઈચ્છતાઉમેદવારોએhttp://ojas.guj.nic.in અને http://ojas1guj.nic.in આ વેબસાઈટ ઉપર તા.૧–૯–૨૦૧૪ થી તા. ૨૧–૯–૨૦૧૪ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. રાજયના કોઈ પણ સ્થળે સાયબર કાફે/ઈન્ટરનેટ સુવિધા (સ્કેનર અને પ્રિન્ટર સાથેની હોય અથવા કોઈ પણ સરકારી પોસ્ટ ઓફીસમાં જયાં આ પ્રકારની સગવડ હોય ત્યાંથી અરજી થઈ શકશે. કોઈ પણ સંજોગોમાં કોઈ પણ કચેરી ખાતે ટપાલ કે રુબરુમાં અરજીઓ સ્વીકારવામાં આવશે નહી. તેમ છતાં આવી રીતે મોકલી આપવામાં આવેલ અરજીઓ રદ બાતલ ગણાશે.

**(૨)** મનરેગા યોજનામાં હાલમાં ફરજ બજાવતા અધિકારી/ કર્મચારીઓ ઉપરોકત જગ્યાઓ માટે નિયત શૈક્ષણિક લાયકાત તથા અનુભવ ધરાવતા હોય અને ઉમેદવારી નોધાવવા ઈચ્છતા હોય તો તેઓએ ભરતી પ્રકિયા અંતર્ગત જાહેર નિવિદા પ્રસિધ્ધ થયે નવેસરથી ઓજસવેબસાઈટ પર અરજી કરી ભરતી પ્રકિયા માંથી પસાર થવાનુ રહેશે.

**(૩)** ઉમેદવારે સ્વયં અથવા ઈન્ટરનેટ જાણકારની મદદથી પોતાના પાસપોર્ટ સાઈઝનો ફોટો ૧૫ કે.બી. અને સીગ્નેચર ૧૫ કે. બી. સાઈઝ થી વધે નહી તે રીતે જેપીજી ફોર્મેટમાં સ્કેન કરી અરજી પત્રકમાં અપલોડ કરવાના રહેશે.

(૪) ઓનલાઈન અરજી કરીને અરજીની પ્રિન્ટ તથા ભરવાપાત્ર ફીના ચલણની નકલ કાઢી લેવાની ખાસ કાળજી લેવાની રહેશે. અરજી નંબર, કન્ફીમેશન નંબર વિગેરે ઉમેદવારે નોધી રાખવાના રહેશે તથા તે સિવાય વેબસાઈટ પર જે સુચના હોય તેનો ઉમેદવારે ચુસ્તપણે અમલ કરવાનોરહેશે. તેમાં ચુક થશે તો તે માટે અરજદાર પોતે જવાબદાર રહેશે.

(૫) ઉપરોકત જગ્યાઓ માટે રુા. ૧૦,૦૦૦/– કરતાં વધુ પ્રતિ માસ વેતનવાળી જગ્યાઓના કીસ્સામાં અરજી ફી રુા. ૩૦૦/ + રુા.૧૦/ પોસ્ટ ચાર્જીસ + રુા. ૨/ સર્વિસ ટેક્ષ તથા રુા.૧૦,૦૦૦/– અથવા તે કરતાં ઓછા પ્રતિમાસ વેતનવાળી જગ્યાઓના કીસ્સાઓમાં અરજી ફી ૨૦૦/ + રુા.૧૦/ પોસ્ટ ચાર્જીસ +રુા. ૨/ સર્વિસ ટેક્ષ ભરવા માટે ઉમેદવાર જયારે વેબસાઈટ ઉપર પોતાની અરજી સબમીટ કરશે ત્યારે અરજી ફી ભરવા માટે ઓનલાઈન ઉપલબ્ધ ચલનની ત્રણ નકલો એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારે આ પાનાની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અરજી કરનાર ઉમેદવારોએ ચલણની પુરી વિગતો ભરીને રાજયની કોઈ પણ પોસ્ટ ઓફીસમાં જઈને નિયત કરવામાં આવેલ ફી તથા તેના ઉપરના ચાર્જીસ અને સર્વિસ ટેકસની રકમ ભરવાની રહેશે. ઉમેદવારે પોસ્ટ ઓફીસમાં ફી ભર્યા પછી ૨૪ (ચોવીસ)કલાકમાં તેમના મોબાઈલ ફોન ઉપર ફી જમા થયાનો મેસેજ ન મળે તો સબંધિત પોસ્ટ ઓફીસનો સંપર્ક કરવાનો રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને ફી જમા કરાવ્યા બદલના સહી સિકકા સાથે પરત કરશે, જે પૈકીની એક નકલ ઉમેદવારે લેખિત પરીક્ષા સમયે કોલ લેટર સાથે અચુક લાવવાની રહેશે. તે સિવાય ઉમેદવારને લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહી. અન્ય કોઈ પણ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી પોસ્ટ ઓફીસમાં ફી સ્વીકારવાની છેલ્લી તારીખ. ૨૪–૯–૨૦૧૪ બપોરના ત્રણ કલાક સુધીની રહેશે.

(૬) ઓનલાઈન અરજી કર્યા બાદ લેખિત પરીક્ષા માટે વર્તમાન પત્રમાં જાહેરાત આપવામાં આવે તે મુજબ ઓનલાઈન વેબસાઈટ ઉપરથી કોલ લેટર ડાઉનલોડ કરી પ્રિન્ટ કઢાવી લેવાના રહેશે. જે લેખિત પરીક્ષા દરમ્યાન સાથે લાવવાના રહેશે.જેમાં ચુક થશે તો જવાબદારી ઉમેદવારની રહેશે.

(૭) ઉપરોકત જગ્યાઓ માટેની લેખીત પરીક્ષા એક જ તારીખે અને એક જ સમયે લેવામાં આવશે.

(૮) ઉપરોકત જગ્યાઓ માટે ઉમેદવાર કોઈ એક જ જિલ્લા માટે ઉમેદવારી નોધાવી શકશે.

(૯) ઉમેદવારે અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો કોઈ પણ તબકકે ખોટી માલુમ પડશે તો અરજી પત્રક અને નિમણૂંક રદ ગણાશે અને ઉમેદવાર સામે કાનુની કાર્યવાહી કરવામાં આવશે.

(૧૦) મનરેગા યોજના માંગ આધારિત હોવાથી મંજુર થયેલ મહેકમનો ફીકસ વેતનનો ખર્ચ મળવાપાત્ર વહીવટી ખર્ચની મર્યાદામાં કરવાનો રહેતો હોઈ તે બાબત ઘ્યાને લઈ ઉપરોકત જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરવી તે અંગેના અધિકારો કમિશ્નર ગ્રામવિકાસની કચેરી, ગાંધીનગરને રહેશે અને ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૧૧) મનરેગા યોજના અંતર્ગત મંજુર કરવામાં આવેલ ઉપરોકત તમામ મહેકમનો ખર્ચ મનરેગા યોજના પાછળ થતા ખર્ચના વહીવટી ખર્ચની મર્યાદામાં જ કરવાનો થતો હોઈ તથા યોજના રોજગારીની માંગ આધારિત હોઈ યોજનાકીય ખર્ચમાં વધારા કે ઘટાડાને અવકાશ હોઈ મળવાપાત્ર કન્ટીજન્સી ખર્ચની રકમમાં ઘટાડો થવાના સંજોગોમાં જગ્યાઓની સંખ્યામાં કમી કરવાના સંજોગોમાં નિમણૂંક આપેલ કરાર આધારિત/ કર્મચારીને તેઓની ફરજ ઉપરથી કોઈ પણ જાતની નોટીસ કે કારણ આપ્યા વગર છુટા કરવામાં આવશે અને તે અંગે તેઓનો કોઈ હકક દાવો રહેશે નહી.

(૧૨) શૈક્ષણિક લાયકાતના કીસ્સામાં ઉમેદવાર ભારતની સંસદ કે રાજય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઈ પણ યુનિવસિર્ટી કે સંસદના એકટ ધ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુજીસી એકટ–૧૯૫૬ ના સેકશન–૩ હેઠળ યુનિવસિર્ટી તરીકે પ્રસ્થાપિત થયેલ બીજી શૈક્ષણિક સંસ્થાની પદવી ધરાવતા હોવા જોઈએ.

(૧૩) પસંદગી પામેલ ઉમેદવારને નિમણૂંક આપતા પહેલા શૈક્ષણિક લાયકાત, અનુભવની વિગતો વિગેરે અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવશે. ચકાસણી દરમ્યાન વિગતો ખોટી માલુમ પડશે તો પસંદગી રદ કરવાપાત્ર થશે.

(૧૪) ભારત સરકારશ્રી ધ્વારા મનરેગા યોજનામાં ફેરફાર થવાના સંજોગોમાં ઉપરોકત જગ્યાઓ પૈકી કોઈ પણ જગ્યાઓની જરુરીયાત નહી હોવાના સંજોગોમાં આવી જગ્યાઓ નાબુદ કરવાનો સરકારને અબાધિત અધિકાર રહેશે અને તદ્નુસાર સરકારશ્રી જરુરી પગલાં લઈ શકશે.

(૧૫) નવીન રચાયેલ જિલ્લાઓ/ તાલુકાઓની જગ્યાઓ માટે જે ઉમેદવારોને નિમણૂંક મળવાપાત્ર થતી હશે તેવા ઉમેદવારોને સબંધિત જિલ્લાઓમાં જિલ્લા ગ્રામવિકાસ એજન્સી, તથા તાલુકા પંચાયતોની રચના થયેથી નિમણૂંક આપવામાં આવશે.જે સબંધિત ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૧૬) ઉપરોકત જગ્યાઓ સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ નરગ/૧૦૨૦૧૩/એસએફએસ/૩૮–ખ.ર. તા. ર૩–૧ર–ર૦૧૩ અન્વયે મંજુર કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ તમામ શરતો પસંદગી થયેલ નિમણૂંક આપવામાં આવેલ તેવા તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે. ઠરાવની નકલ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ઉમેદવારે જોઈ લેવાની રહેશે.

**(૧૭)** જાહેરાત કોઈ પણ કારણોસર રદ/ ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો કમિશ્નરશ્રી ગ્રામવિકાસને સંપૂર્ણ હકક અને અધિકાર રહેશે. કમિશ્નર ગ્રામવિકાસ, આ માટે કારણો આપવા બંધાયેલ નથી.

**(૧૮)** ઉપરોકત જગ્યાઓ માટેની ભરતી પ્રકિયાની કાર્યપધ્ધતિ નીચે મુજબ રહેશે.

| | | |
|---|---|---|
| (અ) | લેખિત પરીક્ષા | ૫૦ ગુણ |
| (બ) | અનુભવના ગુણ | ૧૫ ગુણ |
| (ક) | નિયત થયેલ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત કરતા વધારાની શૈક્ષણિક લાયકાત માટે (એક અથવા તે કરતા વધુ તમામ લાયકાતો માટે ) | ૫ ગુણ |
| | કુલ. | ૭૦ ગુણ |
| લેખિત પરીક્ષા માટે ૫૦ ગુણનુ ૧ કલાકના સમયનુ સબંધિત કેડરના અભ્યાસક્રમને લગતા તથા અન્ય બાબતો /કોમ્પ્યુટરનુ જ્ઞાન અને ગુજરાતી ભાષાની જાણકારીનુ મુલ્યાકન થઈ શકે તે પ્રકારના પ્રશ્નોનુ હેતુલક્ષી પ્રકારનુ પ્રશ્નપત્ર રહેશે. દરેક પ્રશ્નના ચાર વિકલ્પમાંથી એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે અને ઓએમઆર શીટથી જવાબો ચકાસવામાં આવશે. | | |
| <u>અનુભવના કુલ ૧૫ ગુણ મુકવા માટેની પધ્ધતિઃ</u><br>(૧) સરકારી કચેરીમાં મનરેગા યોજનાની સંતોષકારક કામગીરીના અનુભવના કીસ્સામાં પ્રતિવર્ષના અનુભવ દીઠ ૩ (ત્રણ) ગુણ વધુમાં વધુ ૧૫ગુણ<br>(૨) સરકારી કચેરીમાં / સરકારી જાહેર સાહસોના (મનરેગા સિવાયના) અનુભવના કીસ્સામાં પ્રતિવર્ષના અનુભવ દીઠ ૨ (બે) ગુણ વધુમાં વધુમાં ૧૦ ગુણ. | | |

વધુ પૃચ્છા માટે ફોન નં. ૦૭૯–૨૩૨૫૩૪૫૮ ઉપર કચેરી સમય દરમ્યાન પૂછપરછ કરી શકાશે.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી
અધિનિયમ હેઠળ મહેકમ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : નરગ/૧૦૨૦૧૩/એસએફએસ–૩૮/ખ.૨
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૩/૧૨/૨૦૧૩

વંચાણે લીધા ::

૧. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ–૨૦૦૫.
૨. રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ અન્વયે રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમની માર્ગદર્શક સુચનાઓ તા.૪/૧/૦૬.
૩. ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઈડીબી/૧૦૨૦૧૦/એસએફએસ/૨૪૮૯/ખ–૧ તા.૧૫–૯–૨૦૧૦.
૪. કમિશ્નર ગ્રામ વિકાસની કચેરીના પત્ર ક્રમાંક : સીઆરડી/મનરેગા/૧૩૭૬૩–૮૧૬/૧૨ તા.૪–૬–૧૨.
૫. ભારત સરકારશ્રીના ઓફીસ સરકયુલર ક્રમાંક : જે.નં–જે/૧૬૦૨૦/૫૫/૨૦૧૨/એમજીએનઆરઈજીએ/(પાર્ટ) તા.૭–૯–૨૦૧૨.
૬. ભારત સરકારશ્રીની મનરેગા ઓપરેશનલ ગાઈડલાઈન–૨૦૧૩.
૭. ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયના પત્ર નં. જે–૧૬૦૨૦/૫૫/૨૦૧૨/એમજીએનઆરઈજીએ/(પાર્ટ) તા.૧૦–૯–૨૦૧૩.
૮. ભારત સરકારશ્રીના ઓફીસ મેમોરેન્ડમ ક્રમાંક : એફ.નં.–જે–૧૬૦૨૦/૫૫/૨૦૧૨–એમજીએનઆરઈજીએ/(પાર્ટ) તા.૧૪–૫–૨૦૧૩.
૯. ભારત સરકારશ્રીના ગ્રામીણ વિકાસ મંત્રાલયના જાહેરનામા ક્રમાંક: એફ નં.જે–૧૧૦૧૧/૨/૨૦૧૦ એમજીએનઆરઈજીએ તા. ૨૪/૯/૨૦૧૩

–:: ઠરાવ ::–

ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયના આમુખ–૧ અને ૨ તથા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઉપરોક્ત વંચાણે લીધેલ આમુખ–૩ના ઠરાવથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ રાજય કક્ષા, જિલ્લા કક્ષા, તાલુકા કક્ષા અને ગ્રામ્ય કક્ષા માટે મંજૂર કરેલ મહેકમની મુદત તા. ૨૮–૨–૨૦૧૪ ના રોજ પૂર્ણ થતી હોઈ અને રાજય સરકારશ્રી દ્વારા હયાત જિલ્લાઓ અને તાલુકાઓનું વિભાજન કરી વધુ નવીન ૭ જિલ્લાઓ તથા ૨૩ તાલુકાઓની

રચના કરવામાં આવેલ છે, તેના સમાવેશ સહિત રાજ્ય કક્ષાની તથા કુલ ૩૩ જિલ્લાઓ તથા ૨૪૭ તાલુકાઓ માટે ભારત સરકારશ્રીના આમુખ–૪ થી ૮ માં થયેલ તથા વખતો વખતની સુચનાઓ ધ્યાને લઈ જરૂરીયાત મુજબ પ્રતિનિયુક્તિથી અને કરાર આધારિત મહેકમ, વાર્ષિક ખર્ચના ૬ % પ્રમાણે મળવાપાત્ર કન્ટીજન્સી ખર્ચની મર્યાદામાં ખર્ચ કરવાની શરતે મંજુર કરવાની સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

રાજ્ય સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે આમુખ–૩ના ઠરાવથી મંજુર કરેલ મહેકમ તા.૨૮–૨–૨૦૧૪ કચેરી સમય બાદની અસરથી રદ કરવા અને **તા.૧–૩–૨૦૧૪ થી તા.૨૮–૨–૨૦૧૭** ત્રણ વર્ષના સમયગાળા માટે વાર્ષિક ખર્ચના ૬% પ્રમાણે મળવાપાત્ર કન્ટીજન્સી ખર્ચની મર્યાદામાં ખર્ચ કરવાની શરતે રાજ્ય કક્ષાના મહેકમ માટે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ અ–(૧), અને અ–(૨), જિલ્લાના મહેકમ માટે પરિશિષ્ટ–બ, તથા તાલુકાના મહેકમ માટે પરિશિષ્ટ–ક અને ગ્રામ્યના મહેકમ માટે પરિશિષ્ટ–ડ માં દર્શાવ્યા મુજબની જગ્યાઓ તેમાં જણાવેલ વિગતોએ પ્રતિનિયુક્તિ અથવા કરાર આધારિત, શૈક્ષણિક લાયકાત અને અનુભવ, તથા પગાર અથવા ફિક્સ પગાર મુજબ નીચેની શરતોને આધીન મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

**શરતો ::–**

(૧) કરાર આધારિત મંજુર મહેકમ ઉપર નિમણૂંક આપવામાં આવે તેવા કર્મચારીની નિમણૂંકના હુકમની તારીખથી માત્ર ૧૧ માસ માટે જ આપવાની રહેશે. ૧૧ માસની મુદત પૂર્ણ થયે તેઓને ફરજ ઉપરથી મુક્ત કરવાના રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી નિમણૂંક સત્તા અધિકારીની રહેશે. સબંધિત કર્મચારીની તે જગ્યા ઉપર પુનઃ ફરજ બજાવવાની માંગણીના કિસ્સામાં સબંધિત કર્મચારીના કામગીરીના મુલ્યાંકનના આધારે નવીન કરાર કરી ૧૧ માસ માટે નિમણૂંક આપી શકાશે. આવી રીતે નિમણૂંક આપતી વખતે અગાઉની મુદત પૂર્ણ થયા પછી ઓછામાં ઓછો સાત દિવસનો બ્રેક આપવાનો રહેશે. છેલ્લા વર્ષ માટેની નિમણૂંકની મુદત વધુમાં વધુ ૧૧ માસ અથવા **તા. ૨૮–૨–૨૦૧૭** બંન્ને માંથી જે વહેલુ હોય તે મુદત માટે આપવાની રહેશે.

(૨) કરાર આધારિત મંજુર થયેલા મહેકમ ઉપર કામ કરતા સબંધિત કર્મચારીને તેઓની બીજીવારના ૧૧ માસના તથા ત્રીજીવારના ૧૧ માસના સમયગાળા માટે પુનઃ નિમણૂંકના કિસ્સામાં કામગીરીના મુલ્યાંકનના આધારે તેઓએ છેલ્લે મેળવેલ પગારના વધુમાં વધુ ૧૫ ટકા સુધીનો પગાર વધારો મળવાપાત્ર રહેશે.

(૩) આ ઠરાવથી મંજૂર થયેલ રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ કરાર આધારિત જગ્યાઓ ભરવા માટે ઠરાવ સાથેના પરિશિષ્ટમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અને અનુભવનું ધોરણ જાળવી રાખવાનું રહેશે. કરાર આધારિત

કર્મચારીની નિમણૂંક અંગેની શરતો અને બોલીઓ આ સાથેના પરિશિષ્ટ–ઈ ના નિયત નમુનામાં દર્શાવ્યા મુજબની રહેશે તે મુજબ સબંધિત કર્મચારી સાથે નિયત રકમના સ્ટેમ્પ ઉપર સબંધિત કચેરીના વડાએ કરાર કર્યા બાદ ફરજ ઉપર હાજર કરવાના રહેશે.

(૪) તાલુકા કક્ષાના **ટેકનીકલ આસીસ્ટન્ટની** મંજૂર થયેલ જગ્યાઓ કામની માંગણી અને જરૂરિયાતના આધારે જિલ્લામાં આંતરિક ફેરફાર કરવાના અધિકારો જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર–વ–જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રહેશે.

(૫) તાલુકાના પાંચ(૫) ગ્રામ પંચાયત દીઠ કલસ્ટર બનાવવાનું રહેશે અને એક કલસ્ટર દીઠ એક ગ્રામ રોજગાર સેવકની કરાર આધારિત નિમણૂંક કરવાની રહેશે. જે સબંધિત તાલુકાના ગ્રામ રોજગાર સેવકનું મહેકમ ગણાશે.

(૬) ગ્રામ રોજગાર સેવકનું રાજયનું કુલ મહેકમ તાલુકા દીઠ પાંચ ગ્રામ પંચાયતના કલસ્ટર દીઠ એક ગ્રામ રોજગાર સેવકનું રહેશે. એમ મળી કુલ ૨૭૪૩ જગ્યાઓનું રહેશે અને ભૌગોલિક સ્થિતિ પ્રમાણે કામની માંગણી અને જરૂરિયાત જણાયે રાજયના અન્ય ભૌગોલિક વિસ્તારમાં ફાળવણી કરવાના અધિકાર રાજય કક્ષાએ રહેશે.

(૭) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળની મહેકમ અને કન્ટીજન્સી ખર્ચની પ્રવર્તમાન જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અન્યથા વધારાના ખર્ચની જવાબદારી રાજય સરકારશ્રીની રહેશે નહી.

(૮) કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારીને સોંપાયેલ કામગીરીનું સમગ્રતઃ યોજનાની કામગીરી પ્રત્યેની નિષ્ઠા અને પ્રમાણિકતા, શિસ્તપાલન, ફરજ ઉપરની હાજરી, ફીલ્ડ વીઝીટ, યોજનાની ગાઈડલાઈન મુજબનું રેકર્ડ અદ્યતન રીતે નિભાવવું તથા વી.આઈ.પી. સંદર્ભોના સમય મર્યાદામાં નિકાલ વિગેરે બાબતોનું મૂલ્યાંકન નબળું જણાય તો એક માસની નોટીસ આપી છૂટા કરવાના રહેશે. જેના સાધનિક આધારો સહ સબંધિત કચેરીની ઉપલી કચેરીએ અચુક જાણ કરવાની રહેશે.

(૯) જે જગ્યાએ કેડર પોસ્ટથી અથવા કરાર આધારિત ભરવા મંજુર કરાયેલ છે તેવી જગ્યાઓ જો પ્રતિનિયુકિતથી ન ભરાય ત્યાં સુધી કરાર આધારિત ભરવાની રહેશે અને કોઈ સંજોગોમાં પ્રતિનિયુકિતથી સદર જગ્યા ભરાય તેવા કિસ્સામાં કરાર આધારિત ધોરણે ભરેલ જગ્યા ઉપર ફરજ બજાવતા કર્મચારી આપોઆપ છુટા થયેલા ગણાશે. અને સદરહું જગ્યા ઉપર ચાલુ રહેવાનો તેઓનો કોઈ હકક દાવો

રહેશે નહી. આ અંગેની બાંહેધરી સંબંધિત કર્મચારી પાસેથી કરારખતમાં મેળવી લેવાની રહેશે.

(૧૦) કરાર આધારિત નિમણૂંક થયે કર્મચારીએ ફરજ ઉપર જોડાતા પહેલા સક્ષમ અધિકારીશ્રીનું શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૧) કરાર આધારિત નિમણૂંક અપાયેલ કર્મચારીને કરાર સમય દરમ્યાન બજાવેલ ફરજોના પ્રતિમાસ એક (૧) આકસ્મિક (પરચુરણ રજા) મળવાપાત્ર રહેશે. જે પૈકી નહી ભોગવેલ રજાઓ જમા રહેશે. જે કરાર પૂર્ણ થયા સુધી ભોગવી શકાશે.

(૧૨) કરાર આધારિત કર્મચારીને ચુકવવાપાત્ર ફિકસ પગાર તેઓના બેંક એકાઉન્ટમાં જમા કરાવવાનો રહેશે તે માટે સંબંધિત કર્મચારીએ (કેવાયસી) રજુ કરેલ બેંક એકાઉન્ટ નંબર કચેરીમાં રજુ કરવાનો રહેશે.

(૧૩) કરાર આધારિત જગ્યાઓ ઉપર કર્મચારીની પસંદગી સમયે આ અગાઉ તેઓએ જે જે કચેરીએ ફરજો બજાવેલ હોય તે તમામે તમામ કચેરીઓનું સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર અચુક મેળવવાનું રહેશે અન્યથા પસંદગી કરવાપાત્ર રહેશે નહી.

(૧૪) કરાર આધારિત કર્મચારીએ નિમણૂંકવાળી જગ્યાએ હાજર થતા પહેલાં નિમણૂંક કરતાં અધિકારીશ્રી ધ્વારા જણાવવામાં આવે તેટલી રકમનો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમા પોલીસી મેળવી રજુ કરવાની રહેશે આ અંગેનો ખર્ચ સંબંધિત કર્મચારીએ ભોગવવાનો રહેશે.

(૧૫) ઉપરોકત તમામ જગ્યાઓ જરૂરિયાત (Need base) ના આધારે જ ભરવાની રહેશે.

(૧૬) ભારત સરકારશ્રીના રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ–૨૦૦૫ હેઠળ તમામ કામગીરી એકટથી નિર્દિષ્ઠ થયેલ સમયગાળામાં પૂર્ણ કરવાની હોય છે અન્યથા વિલંબ બાબતે જવાબદારી નકકી થાય છે. જેથી સદરહું એકટ હેઠળના આ કાર્યક્રમ હેઠળ ફરજ બજાવતા તમામ અધિકારી/કર્મચારીઓને મનરેગા સિવાયની અન્ય કોઈ કામગીરી સોંપી શકાશે નહી.

(૧૭) આ ઠરાવ સાથેના પરિશિષ્ટ–બ ના ક્રમાંક–ર ઉપર દર્શાવેલ નાયબ કાર્યપાલક ઈજનેર સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ તથા પરિશિષ્ટ–ક ના ક્રમાંક–ર ઉપર દર્શાવેલ મદદનીશ ઈજનેર સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ એ રાજય કક્ષાના સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ તળેની જગ્યાઓ હોઈ તેઓ સ્ટેટ કવોલીટી મોનીટર

યુનિટના સંપૂર્ણ અને સીધા નિયંત્રણ હેઠળ રહેશે તેઓની નિમણૂંક રાજ્ય કક્ષાએથી કરવામાં આવશે.

(૧૮) રાજયની ભૌગોલિક પરિસ્થિતિના આધારે કામની માંગણી પ્રમાણે જરૂરિયાત જણાયે અથવા અન્ય વહીવટી કારણોસર કરાર આધારિત કર્મચારીઓને રાજયના જિલ્લાઓમાં ફાળવણી કરવાના અધિકાર સરકારશ્રીના રહેશે.

(૧૯) કરાર આધારિત જગ્યાઓ ઉપર નિમણૂંક કરાયેલા તમામ કર્મચારીઓના કિસ્સામાં કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરીના આમુખ–૪ માં દર્શાવેલ પત્રની સુચનાઓ અન્વયે દર ૧૧ માસના અંતે વાર્ષિક મુલ્યાંકન કરવાનું રહેશે અને વાર્ષિક મુલ્યાંકન દરમ્યાન ૫૦ % કરતાં ઓછુ મુલ્યાંકન થવાના કિસ્સામાં આવા કર્મચારીઓને તે મતબલની એક માસની નોટીસ આપી છુટા કરવાના રહેશે.

(૨૦) રાજય/જિલ્લા/તાલુકા/ગ્રામ્ય કક્ષાની તમામ કરાર આધારિત જગ્યાઓની ભરતી પ્રકિયા અંગેનો નિર્ણય કમિશ્નરશ્રી ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગરની કક્ષાએથી કરવાનો રહેશે.

(૨૧) સદરહું ઠરાવથી મંજુર કરવામાં આવેલ કરાર આધારિત જગ્યાઓના કિસ્સામાં કરાર આધારિત ધોરણે ઉમેદવારો ઉપલબ્ધ નહી થવાના કિસ્સામાં જરૂર જણાયે આવા કર્મચારીઓની સેવાઓ આઉટ સોર્સિંગથી લઈ શકાશે અને તેનો વહીવટી ખર્ચ તથા અન્ય ચુકવવાપાત્ર વેરાઓનો ખર્ચ અલાયદા ચુકવી શકાશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૧૦/૧૨/૨૦૧૩ ના રોજ મળેલ મંજૂરી અનુસાર બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે**

(એચ. એન. મેજીયાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (ગ્રામ વિકાસ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- તમામ માન.મંત્રીશ્રી/રાજયકક્ષાના મંત્રીશ્રી/સંસદીય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય , ગાંધીનગર.
- સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કમિશ્નરશ્રી–વ–સચિવશ્રી, કમિશનર ગ્રામ વિકાસની કચેરી, બ્લોક નં . ૧૬/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ (કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા).
- સર્વે જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર–વ–જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા).
- સર્વે અધિક જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર–વ–નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ (કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા).
- ટેકનીકલ ડાયરેકટરશ્રી, એન.આઈ.સી., બ્લોક નં. ૧૩, નવા સચિવાલય, ગાંધીનગર.
- ડીસ્ટ્રીક્ટ ઈન્ફર્મેટીક્સ ઓફીસ, એન.આઈ.સી., કલેકટર કચેરી કેમ્પસ, સર્વે જિલ્લાની કલેકટર કચેરીઓ (કમિશનર ગ્રામ વિકાસની કચેરી દ્વારા).
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
- શાખા ફાઈલ.
- પસંદગી ફાઈલ.

(ઠરાવ ક્રમાંક : નરગ/૧૦૨૦૧૩/એસએફએસ—૩૮/ખ.૨ તા.૨૩/૧૨/૨૦૧૩ નું જોડાણ પૃ. ૧ થી ૧૫)

પરિશિષ્ટ. અ—૧

**રાજય કક્ષાનું મંજુર મહેકમ ::— પ્રતિનિયુક્તિથી**

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | નિમણૂંકનો સ્ત્રોત | શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અધિક કમિશ્નર | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ (આઈએએસ) | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૨ | મદદનીશ કમિશ્નર | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ (જીએએસ) | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૩ | હિસાબી અધિકારી | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ (હિસાબી ધિકારી વર્ગ—૧) | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૪ | ચીટનીશ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ (તાલુકા વિકાસ અધિકારી) | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૫ | નાયબ કાર્યપાલક ઈજનેર | ૨ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ (નાયબ કાર્યપાલક ઈજનેર) | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૬ | નાયબ ચીટનીશ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૭ | આંકડા મદદનીશ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૮ | અધિક મદદનીશ ઈજનેર | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૯ | નાયબ હિસાબનીશ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |
| ૧૦ | જુનીયર કલાર્ક | ૨ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ | કેડરપોસ્ટના પગાર ધોરણ મુજબ | જુની જગ્યા |

(એચ. એ. મેજીયાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

## પરિશિષ્ટ. અ–૨

**રાજ્ય કક્ષાનું મંજુર મહેકમ ::– પ્રતિનિયુક્તિ/ કરાર આધારિત**

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | નિમણૂંકનો સ્ત્રોત | શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | નાયબ કમિશ્નર | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(અધિક કલેક્ટર) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૨ | નિયામક, ફરિયાદ નિવારણ સેલ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(અધિક કલેક્ટર) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૩ | નાયબ નિયામક, ફરીયાદ નિવારણ સેલ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(નાયબ જિલ્લા વિકાસ અધિકારી/ નાયબ કલેક્ટર) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૪ | નિયામક, સ્ટેટ કવોલીટી મોનીટર યુનિટ અને સુપ્રિટેન્ડીગ એન્જીનીયર | ૧ | પ્રતિનિયુક્તિથી<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(અધિક્ષક ઈજનેર)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં<br>બી.ઈ.(સિવિલ)/ એમ.ઈ.(સિવિલ)<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કિસ્સામાં<br>રૂ. ૬૦,૦૦૦/– | નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૫ | નાયબ વન સરંક્ષક | ૧ | પ્રતિનિયુક્તિથી<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(નાયબ વન સરંક્ષક)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં<br>આઈઆઈએફએમ પોસ્ટ ગ્રેજ્યુએટ/<br>એમએસસી (ફોરેસ્ટ્રી)<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેક્ટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કીસ્સામાં<br>રૂા. ૪૫,૦૦૦/– | નવી જગ્યા |
| ૬ | ચીટનીશ ,<br>ફરીયાદ નિવારણ સેલ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(તાલુકા વિકાસ અધિકારી) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૭ | નાયબ કાર્યપાલક ઈજનેર,<br>ફરીયાદ નિવારણ સેલ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(નાયબ કાર્યપાલક ઈજનેર) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૮ | નાયબ ચીટનીશ,<br>ફરીયાદ નિવારણ સેલ | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(નાયબ ચીટનીશ) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૯ | અધિક મદદનીશ ઈજનેર | ૧ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(અધિક મદદનીશ ઈજનેર) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | નવી જગ્યા |
| ૧૦ | ચાર્ટડ એકાઉટન્ટ | ૧ | કરાર આધારિત | ચાર્ટડ એકાઉન્ટન્ટ અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ચાર્ટડ એકાઉન્ટન્ટ તરીકે<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૫૦,૦૦૦/– | નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૧ | સ્ટેટ પ્રોગ્રામ ઓફીસર | ૧ | કરાર આધારિત | એમબીએ/એમએસડબલ્યુ/રૂરલ મેનેજમેન્ટની પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે ઈરમા/આઈઆઈએફએમમાંથી પીજીપીઆરએમ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | રૂા.૫૦,૦૦૦/— | જુની જગ્યા |
| ૧૨ | સ્ટેટ નોડલ ઓફીસર, આઈ.ટી. સેલ | ૧ | કરાર આધારિત | એમએસસી (આઈટી/આઈસીટી /આઈસીટી એઆરડી) અથવા બી.ઈ. (આઈટી) વીથ એમબીએ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | રૂા.૩૫,૦૦૦/— | નવી જગ્યા |
| ૧૩ | મદદનીશ ઈજનેર | ૧ | પ્રતિનિયુક્તિથી<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(મદદનીશ ઈજનેર)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં બી.ઈ.સિવિલ વીથ એમબીએ અથવા એમઈ સિવિલ સાથે ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિત કિસ્સામાં<br>રૂા.૩૫,૦૦૦/— | નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | મદદનીશ ઈજનેર, સ્ટેટ ક્વોલીટી મોનીટર યુનિટ | ૧ | પ્રતિનિયુક્તિથી અથવા કરાર આધારિત | કેડર પોસ્ટ (મદદનીશ ઈજનેર) અથવા કરારથી નિમણૂંકના કિસ્સામાં બી.ઈ.સિવિલ સાથે ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ અથવા કરાર આધારિત કિસ્સામાં રૂ.૩૫,૦૦૦/– | નવી જગ્યા |
| ૧૫ | મેનેજર, એચ.આર | ૧ | કરાર આધારિત | એમબીએ (એચ.આર) અને ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂ.૨૫,૦૦૦/– | નવી જગ્યા |
| ૧૬ | મેનેજર ઓપરેશનલ, એમઆઈએસ અને ઈએફએમએસ | ૧ | કરાર આધારિત | બી.કોમ સાથે એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી) અને ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂ.૨૫,૦૦૦/– | નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૭ | મેનેજર ઓપરેશન, જીઆઈએસ | ૧ | કરાર આધારિત | બી.ઈ. (આઈટી)/એમસીએ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ અથવા બીસીએ સાથે ૪ વર્ષનો અનુભવ | રૂા.૨૫,૦૦૦/– | નવી જગ્યા |
| ૧૮ | કેપેસીટી બિલ્ડીંગ કો. ઓર્ડિનેટર | ૧ | કરાર આધારિત | એમએસડબલ્યુ/એમઆરએમ/ એમઆરએસ/એમબીએ/પીજીઆરએમ અને ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૩ વર્ષનો અનુભવ કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | રૂા.૨૫,૦૦૦/– | જુની જગ્યા |
| ૧૯ | ટેકનીકલ એકસપર્ટ | ૧ | કરાર આધારિત | બી.ઈ.સિવિલ/એમઈ સિવિલ (એમઈ સિવિલને પ્રથમ અગ્રતા)<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૨૫,૦૦૦/– | નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | સીસ્ટમ એનાલીસ્ટ | ૧ | કરાર આધારિત | એમસીએ/બીઈ (કોમ્પ્યુટર)<br>બીઈ(આઈટી)એમએસસી<br>(આઈટી/આઈસીટી)<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ<br>વેબ ડેવલપરને અગ્રતા | રૂા.૨૦,૦૦૦/– | જુની જગ્યા |
| ૨૧ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૨ | કરાર આધારિત | બી.ઈ.સિવિલ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૨૦,૦૦૦/– | જુની જગ્યા |
| ૨૨ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | ૧ | કરાર આધારિત | એમ.કોમ.<br>ટેલીના જાણકાર અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | રૂા.૨૦,૦૦૦/– | નવી જગ્યા |
| ૨૩ | નાયબ ચીટનીશ | ૧ | કરાર આધારિત | બી.એ./બી.કોમ./બીએસસી/બીબીએ/બીબીએમ<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય<br>અથવા<br>એમએ/એમ.કોમ./એમએસસી<br>કોમ્પ્યુટર જાણકારને અનિવાર્ય | રૂા.૧૫,૦૦૦/– | જુની જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૪ | એમઆઈએસ કો.ઓર્ડિનેટર, ઈએફએમએસ | ૧ | કરાર આધારિત | બીકોમ સાથે એમસીએ/ (એમએસસી આઈટી/આઈસીટી)<br>અથવા<br>બી.કોમ સાથે પીજીડીસીએ<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૧૨,૫૦૦/– | જુની જગ્યા |
| ૨૫ | એમઆઈએસ કો.ઓર્ડીનેટર, નરેગા સોફટ | ૧ | કરાર આધારિત | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી)<br>અથવા<br>બીસીએ/પીજીડીસીએ<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૧૨,૫૦૦/– | જુની જગ્યા |
| ૨૬ | એમઆઈએસ કો.ઓર્ડીનેટર, જીઆઈએસ | ૧ | કરાર આધારિત | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી)<br>અથવા<br>બીસીએ/પીજીડીસીએ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૧૨,૫૦૦/– | જુની જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૭ | એમઆઈએસ કો.ઓર્ડિનેટર, મોનીટરીંગ | ૧ | કરાર આધારિત | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી)<br>અથવા<br>બીસીએ/પીજીડીસીએ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૧૨,૫૦૦/– | જુની જગ્યા |
| ૨૮ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૩ | કરાર આધારિત | ગ્રેજયુએટ સાથે<br>આઈટીઆઈ (ડેટાએન્ટ્રી ઓપરેટર)<br>ગુજરાતી/ અંગ્રેજી ટાઈપની જાણકારી અનિવાર્ય | રૂા. ૭,૫૦૦/– | જુની જગ્યા |
| ૨૯ | એકઝીકયુટીવ આસીસ્ટન્ટ | ૧ | કરાર આધારિત | ગ્રેજયુએટ સાથે<br>ગુજરાતી/ અંગ્રેજી ટાઈપની જાણકારી અનિવાર્ય | રૂા. ૮,૦૦૦/– | જુની જગ્યા |

(એચ. એન. મેઝબાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પરિશિષ્ટ– બ

<u>જિલ્લા કક્ષાનું મંજુર મહેકમ ::– પ્રતિનિયુક્તિથી/કરાર આધારિત</u>

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | નિમણૂંકનો સ્ત્રોત | શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | નાયબ જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર | ૩૩ | પ્રતિનિયુક્ત<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(નાયબ વન સંરક્ષક)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં<br>એમબીએ/એમઆરએસ/એમએસડબલ્યુ/<br>એમએસસી એગ્રી/એમટેક એગ્રી<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટરના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કિસ્સામાં<br>રૂ.૩૦,૦૦૦/– | જિલ્લા દીઠ એક(૧) જગ્યા<br>૨૬ જુની જગ્યા<br>૭ નવી જગ્યા |
| ૨ | નાયબ કાર્યપાલક ઈજનેર, સ્ટેટ ક્વોલીટી મોનીટર યુનિટ | ૩૩ | પ્રતિનિયુક્ત<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(નાયબ કાર્યપાલક ઈજનેર)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં<br>બી.ઈ.(સિવિલ) અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટરના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કિસ્સામાં<br>રૂ.૩૦,૦૦૦/– | જિલ્લા દીઠ એક(૧) જગ્યા<br>નવી જગ્યા |

23/12/13

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | વર્કસ મેનેજર (ના.કા.ઈ.) | ૩૩ | પ્રતિનિયુક્ત<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(નાયબ કાર્યપાલક ઈજનેર)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં<br>બી.ઈ.(સિવિલ) અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટરના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કિસ્સામાં<br>રૂા.૨૫,૦૦૦/– | જિલ્લા દીઠ<br>એક(૧) જગ્યા<br>૨૬ જુની જગ્યા<br>૭ નવી જગ્યા |
| ૪ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૩૩ | કરાર આધારિત | બી.ઈ.સિવિલ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૨૦,૦૦૦/– | જિલ્લા દીઠ<br>એક(૧) જગ્યા<br>જુની જગ્યા |
| ૫ | એકાઉન્ટ મેનેજર | ૩૩ | પ્રતિનિયુક્ત<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(હિસાબી અધિકારી વર્ગ–૨)<br>અથવા<br>કરારથી નિમણૂંકના કિસ્સામાં<br>એમ.કોમ અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ અને<br>ટેલીની જાણકારી<br>અથવા નિવૃત્ત હિસાબી અધિકારી<br>(વર્ગ–૨ અને તેથી ઉપર) | કેડર પોસ્ટરના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કિસ્સામાં<br>રૂા.૧૫,૦૦૦/– | જિલ્લા દીઠ<br>એક(૧) જગ્યા<br>૨૬ જુની જગ્યા<br>૭ નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | એમ.આઈ.એસ. કો. ઓર્ડિનેટર | ૩૩ | કરાર આધારિત | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી)<br>બીસીએ<br>અથવા<br>પીજીડીસીએ અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેક્ટર/પ્રાઈવેટ સેક્ટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂ.૧૨,૫૦૦/– | જિલ્લા દીઠ<br>એક(૧) જગ્યા<br>૨૬ જુની જગ્યા<br>૭ નવી જગ્યા |
| ૭ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | ૩૩ | કરાર આધારિત | બી.કોમ.<br>ટેલીના જાણકાર<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેક્ટર/પ્રાઈવેટ સેક્ટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂ.૧૦,૦૦૦ | જિલ્લા દીઠ<br>એક(૧) જગ્યા<br>૨૬ જુની જગ્યા<br>૭ નવી જગ્યા |

(એમ. એમ. મેજીયાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પરિશિષ્ટ- ક

<u>તાલુકા કક્ષાનું મંજુર મહેકમ ::- પ્રતિનિયુક્તિથી/કરાર આધારિત</u>

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | નિમણૂંકનો સ્ત્રોત | શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | મદદનીશ પ્રોગ્રામ અધિકારી | ૨૪૭ | કરાર આધારિત | કોઈ પણ વિષયમાં અનુસ્તાક અને ગવર્મેન્ટ/ડિવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | રૂા.૧૫,૦૦૦/- | તાલુકા દીઠ એક (૧) જગ્યા<br>૨૨૪ જુની જગ્યા<br>૨૩ નવી જગ્યા |
| ૨ | મદદનીશ ઈજનેર<br>સ્ટેટ ક્વૉલિટી મોનીટર યુનિટ | ૨૪૭ | કેડર પોસ્ટ<br>અથવા<br>કરાર આધારિત | કેડર પોસ્ટ<br>(મદદનીશ ઈજનેર)<br>અથવા<br>કરારના નિમણૂંકના કિસ્સામાં<br>બી.ઈ. સિવિલ અને<br>ગવર્મેન્ટ/ડિવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૪ વર્ષનો અનુભવ | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ<br>અથવા<br>કરાર આધારિતના કિસ્સામાં<br>રૂા.૨૫,૦૦૦/- | તાલુકા દીઠ એક (૧) જગ્યા<br>નવી જગ્યા |
| ૩ | આસીસ્ટન્ટ વર્કસ મેનેજર | ૨૪૭ | કરાર આધારિત | બી.ઈ.સિવિલ અને ગવર્મેન્ટ/ડિવલપમેન્ટ ઓથોરિટી/ પબ્લીક સેકટર/પ્રાઈવેટ સેકટરમાં ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ | રૂા.૧૬,૫૦૦/- | તાલુકા દીઠ એક (૧) જગ્યા<br>૨૨૪ જુની જગ્યા<br>૨૩ નવી જગ્યા |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧૪૮૨ | કરાર આધારિત | ડીપ્લોમા સિવિલ<br>અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેક્ટર/પ્રાઈવેટ સેક્ટરમાં<br>ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ | રૂા.૧૩,૦૦૦/– | તાલુકાદીઠ દર દસ (૧૦) ગ્રામ પંચાયત દીઠ એક પ્રમાણે ટેક. આસી.નું મહેકમ ગણાશે.<br>૧૦૫૪ જુની જગ્યા<br>૪૨૮ નવી જગ્યા |
| ૫ | સીનીયર એકાઉન્ટ કલાર્ક | ૨૪૭ | પ્રતિનિયુક્તિથી | કેડર પોસ્ટ<br>(સિનિયર એકાઉન્ટ કલાર્ક) | કેડર પોસ્ટના પગાર ધોરણ મુજબ | તાલુકા દીઠ એક (૧)જગ્યા<br>૨૨૪ જુની જગ્યા<br>૨૩ નવી જગ્યા |
| ૬ | આંકડા મદદનીશ | ૨૪૭ | કરાર આધારિત | સ્નાતક (ગણિત/આંકડા શાસ્ત્ર)<br>અથવા નિવૃત્ત આંકડા મદદનીશ અથવા<br>આંકડા સંવર્ગની તે ઉપરની જગ્યાઓ | રૂા.૧૨,૦૦૦/– | તાલુકા દીઠ એક (૧)જગ્યા<br>૨૨૪ જુની જગ્યા<br>૨૩ નવી જગ્યા |
| ૭ | એકાઉન્ટ આસીસ્ટન્ટ | ૨૪૭ | કરાર આધારિત | બી.કોમ (૫૦% કે તેથી ઉપર) અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેક્ટર/પ્રાઈવેટ સેક્ટરમાં<br>ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ | રૂા. ૧૦,૦૦૦/– | તાલુકા દીઠ એક (૧)જગ્યા<br>૨૨૪ જુની જગ્યા<br>૨૩ નવી જગ્યા |
| ૮ | એમ.આઈ.એસ. કો ઓર્ડીનેટર | ૪૯૪ | કરાર આધારિત | એમસીએ/એમએસસી (આઈટી/આઈસીટી)<br>બીસીએ<br>અથવા<br>પીજીડીસીએ અને<br>ગવર્મેન્ટ/ડેવલપમેન્ટ ઓથોરિટી/<br>પબ્લીક સેક્ટર/પ્રાઈવેટ સેક્ટરમાં<br>ઓછામાં ઓછો ૧ વર્ષનો અનુભવ | રૂા. ૧૦,૦૦૦/– | તાલુકા દીઠ બે(૨)જગ્યા<br>૪૪૮ જુની જગ્યા<br>૪૬ નવી જગ્યા |

(એચ. એન. મેઘમાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

## પરિશિષ્ટ– ૬

## ગ્રામ્ય કક્ષાનું મંજુર મહેકમ ::– કરાર આધારિત

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | નિમણૂંકનો સ્ત્રોત | શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગત | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ગ્રામ રોજગાર સેવક (કલસ્ટર કો. ઓર્ડિનેટર) | ૨૭૪૩ | કરાર આધારિત | સ્નાતક<br>કોમ્પ્યુટરની જાણકારી અનિવાર્ય | રૂા. ૭,૦૦૦/– પગાર અને રૂા. ૧૦૦૦/– (મુસાફરી ભથ્થું) પ્રતિ માસ ફિક્સ | તાલુકા દીઠ પાંચ ગ્રામ પંચાયતના એક કલસ્ટરદીઠ ૧ ગ્રામ રોજગાર સેવક (કલસ્ટર કો. ઓર્ડિનેટર) નું મહેકમ ગણાશે. |

(એસ. એન. મેજીયાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

# પરિશિષ્ટ–ઈ

**સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃ નરગ/૧૦૨૦૧૩/એસએફએસ–૩૮/ખ.૨ તા.૨૩/૧૨/૨૦૧૩ અન્વયે મંજુર કરવામાં આવેલ કરાર આધારિત જગ્યાઓ ઉપર નિમણૂંક આપવામાં આવેલ કર્મચારીઓ સાથેનું કરારખત**

............................ના આદેશ ક્રમાંકઃ ..............................................................
મારી નિમણૂંક..........................................(ની કચેરીમાં) કરાર આધારિત ૧૧ માસની મુદત માટે અમો..........................જગ્યા................ ઉપર કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની શરતો અને બોલીઓ મને કબુલ મંજુર છે અને તેનુ પાલન કરવા હું ...........................................
ઉંમર/વર્ષ........ રહે............. તા............ જિ............ આ કરારથી બંધાઉ છું.

(૧) કરારના અંત લાવવાના કિસ્સામાં એક માસની નોટીસ અથવા નોટીસ પગાર પેટે એક માસના ફિક્સ પગારની રકમ જમા કરાવીશ.

(૨) કચેરી દ્વારા કરારનો અંત લાવવાના કિસ્સામાં કચેરી, એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકાશે. ખાસ કિસ્સામાં મારા પક્ષે ગંભીર નાણાંકીય અનિયમિતતા, ગંભીર ગેરશિસ્ત, ગંભીર ગુનાહિત ગેર વર્તણૂંકના કિસ્સામાં તાત્કાલીક અસરથી નોકરીનો અંત લાવી શકાશે.

(૩) નિયત કરવામાં આવેલ ફિક્સ પગાર ઉપર કોઈ પણ જાતના ભથ્થાં મળવાપાત્ર રહેશે નહી.

(૪) વાર્ષિક ધોરણે કરાર આધારિત કર્મચારીને પ્રતિ માસ નિયત કરવામાં આવેલ ફિક્સ પગાર ઉપર આ ઠરાવ અન્વયે ઠરાવવામાં આવેલ વધારા સિવાય કોઈ પણ પ્રકારનો પગાર વધારો જેવા કે, ઈજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત, મેડીકલ સહાય, મેડીકલ સવલતો કે પગાર પંચ અન્વયેના કોઈ પણ પ્રકારના લાભો કે સેવા વિષયક કોઈપણ પ્રકારના લાભો મળવાપાત્ર રહેશે નહી. તેમજ ૧૧ માસના કરાર સમય દરમ્યાન પૂર્ણ કરેલ ફરજના માસના ધોરણે પ્રતિમાસ ૧ પ્રમાણે સી.એલ.(પરચુરણ) રજા મળવાપાત્ર થશે, અન્ય કોઈ પ્રકારની રજાનો લાભ મળશે નહી.

(૫) કરાર સમય દરમ્યાન બજાવેલ ફરજ ઉપર પેન્શન, બોનસ, રજાનું રોકડમાં રૂપાંતર, વતન પ્રવાસ ભથ્થું, કોઈ પણ પ્રકારની પેશગી કે તેવા અન્ય કોઈ નાણાંકીય લાભ મળવાપાત્ર થશે નહી અને તે અંગેનો મારો કોઈ હકક દાવો કરીશ નહી.

(૬) કર્મચારીના અવસાનના કિસ્સામાં બજાવેલ ફરજના સમયગાળાની ફિક્સ પગારની લહેણી (ચુકવવાપાત્ર) રકમ કર્મચારીએ નિયુક્ત કરેલ નોમીની(વારસદાર)ને મળવાપાત્ર થશે. પરંતુ બીજા અન્ય નાણાંકીય લાભ કે એકસગ્રેસીયા રકમ કે રહેમરાહે નોકરી જેવા અન્ય કોઈ પણ આનુષાંગિક લાભો મળવાપાત્ર રહેશે નહી અને તે માટે મારો કોઈ હકક દાવો રહેશે નહી.

(૭) જે જગ્યા માટે નિમણુંક કરવામાં આવેલ છે તે જગ્યા માટે નિયત થયેલ ફરજો બજાવીશ તે ઉપરાંત કચેરીના વડા દ્વારા અન્ય જે કોઈ વધારાની કામગીરી સોપવામાં આવે તેવી કામગીરી કરીશ. કચેરીમાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે અને જરૂરિયાતના કિસ્સામાં કચેરી સમય સિવાય પણ ફરજ બજાવીશ. તેમજ ફરજ દરમ્યાન પ્રાઈવેટ પ્રેકટીસ કે સરકારી/પાર્ટટાઈમ નોકરી કરીશ નહી. જાહેર રજાના દિવસોએ પણ સરકારી કામગીરીની જરૂરિયાતને અનુલક્ષી ફરજ બજાવીશ ફરજના સમયગાળા દરમ્યાન કોઈ પણ પ્રકારની પ્રત્યેક્ષ કે પરોક્ષ રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લઈશ નહી.

(૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઈઓ અનુસાર કરવેરા સહિત અન્ય કોઈપણ પ્રકારની કપાતો ચુકવવાપાત્ર ફિક્સ પગારમાંથી નિયમિત કરાવીશ.

(૯) ફરજના સમય દરમ્યાન ફરજના ભાગરૂપે મારી સામે કોઈપણ પ્રકારની ફોજદારી કે દિવાની પ્રક્રિયા/દાવા ઉભા થવાના પ્રસંગે મારી અંગત જવાબદારી રહેશે. આ અંગે રાજ્ય સરકારશ્રીની કોઈ જવાબદારી રહેશે નહી.

(૧૦) મારી નિમણૂંક સદરહું જગ્યા ઉપર માત્ર અને માત્ર કરાર આધારિત રીતે તદ્દન હંગામી ધોરણે કરવામાં આવેલ હોઈ સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ થવા માટેનો મારો કોઈ પણ પ્રકારનો હકક દાવો રહેશે નહી.

(૧૧) કરાર કરવા અને નિભાવવામાં અસમર્થ થવાના કિસ્સામાં કરારનો તે જ સમયથી અંત આવેલો ગણાશે.

(૧૨) ફરજ ઉપર જોડાતા પહેલા મારા અંગત ખર્ચે સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તેવી નિયત રકમનો પર્સનલ એકસીડન્ટ યોજના અંતર્ગત વીમો ઉતરાવી તે અંગેની વીમા પોલીસીની નકલ કચેરીમાં રજુ કરીશ અને ફરજના સમયગાળા દરમ્યાન અદ્યતન કરાવીશ.

(૧૩) મારી નિમણૂંકવાળી જગ્યા સરકારશ્રી દ્વારા પ્રતિનિયુકિતથી કાયમી સરકારી કર્મચારી દ્વારા ભરાઈ જવાના કિસ્સામાં સંબંધિત અધિકારી/કર્મચારી હાજર થયેથી આપોઆપ આ કરારનો અંત ગણાશે.

(૧૪) મનરેગા અધિનિયમ–૨૦૦૫ અને તે સંલગ્ન નિયમો તથા જોગવાઈઓ મેં વાંચી છે અને તેને સંપૂર્ણ સમજયો છું. તે મને બંધનકર્તા રહેશે.

**સ્થળ:–**
**તારીખ:–**

**(સબંધિત કર્મચારીની સહી અને હોદ્દો**
**તથા કાયમી અને હંગામી રહેઠાણનું સરનામુ)**

**(૧) હંગામી સરનામુ :–**
..............................
..............................

**(૨) કાયમી સરનામુ :–**
..............................
..............................

**રૂબરૂ**

**અધિક જિલ્લા પ્રોગ્રામ કો. ઓર્ડિનેટર**
**–વ–**
**નિયામક**
**જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી**

**નોંધ :–**
ઉપરોકત કરારખત વ્યકિતગત ધોરણે રૂા.૧૦૦/– નોન જ્યુડીશીયલ સ્ટેમ્પ કરવાનો રહેશે ત્યારબાદ જ સબંધિત કર્મચારી ફરજ ઉપર નિમણૂંક આપી શકાશે.

(એચ. એન. મેજીયાતર)
નાયબ સચિવ (ગ્રા વિ)
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભ